## જન્મદિને વધામણી




નિર્મળાબેન ઠાકોરભાઈ ખત્રી
મો. ૯૪૨૬૨ ૭૨૨૧૫



ચીમનભાઈ સોમાભાઈ પ્રજાપતિ
મો. ૯૮૨૪૩ ૭૦૮૮૫



નરસિંહભાઈ સવાભાઈ પરમાર
જિલ્લા કાર્યાલય મંત્રી,
શ્રી કમલમ, ગાંધીનગર
મો. ૯૩૨૮૦ ૬૧૧૯૫



વી એન મેવાડા
ફોન : ૨૩૨૨૪૪૯૬



રેખાબેન જયંતીલાલ સાધુ




હિરણ્યમયી દેવાંગ પંડ્યા
મો. ૯૪૨૭૮ ૦૫૦૭૪



મંત્ર કેતનકુમાર દવે
મો. ૯૬૭૪૪ ०००૧૬



ફોરમ એ. ઠાકોર



માનીલ હિરેન પટેલ
મો. ૯૪૨૭૩ ૦૫૫૫૮

# માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે દિક્ષાન્ત સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૧૧

શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજની ડીએલડીના બીજા વર્ષની પ્રશિક્ષણાર્થીઓને દિક્ષાન્ત સમારોહ તાજેતરમાં જાણીતા કેળવણીકાર અને શિક્ષણવિદ ડૉ. મોતીભાઈ પટેલના મુખ્ય મહેમાનપદે યોજાયો હતો. એમણે જણાવ્યું હતું કે શિક્ષક જ્યારે વર્ગખંડમાં જાય ત્યારે અડધો નહીં, પણ આખો એટલે કે પૂરેપૂરી સજ્જતા સાથે જવો જોઈએ. છાત્રાલય નિવાસ એ શિક્ષકની સાચી તાલીમશાળા છે, એમ જણાવી ફરજિયાત છાત્રાલય નિવાસ પર ભાર મૂકી જણાવ્યું હતું કે શિક્ષકે આજીવન શીખતાં રહેવાની તત્પરતા રાખવી જોઈએ, પુષ્કળ વાચન કરવું જોઈએ તેમજ શિક્ષણના અદ્યતન પ્રવાહોથી વાકેફ રહીને નિત-નવા વિચારો સાથે વર્ગખંડમાં જવું જોઈએ.

સંસ્થાના ટ્રસ્ટી એસ કે શાહે જણાવ્યું હતું કે શિક્ષકે ત્રણ બાબતો પ્રત્યે સભાન રહેવું જોઈએ : વિષય સજ્જતા, વિદ્યાર્થીઓ સાથેનો પ્રેમપૂર્ણ વ્યવહાર અને શિક્ષકની પર્સનાલિટી હોવી જોઈએ. અતિથિ વિશેષ અને પ્રસંગના ભોજનદાતા પ્રા. અમૃતભાઈ ચૌધરીએ પદવી ગ્રહણ કરી રહેલાં પ્રશિક્ષણાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

સંસ્થાના નિયમક ફુલજીભાઈએ પ્રશિક્ષણાર્થીઓને ભારતીય સંસ્કાર અને શિક્ષણની વાત કરીને દીકરી ત્રણ કુળને તારે છે, એમ જણાવી કન્યા કેળવણીની હિમાયત કરી હતી.

સંસ્થાનાં આચાર્યા સુરેખાબેન ચૌધરીએ સંસ્થાકીય પ્રવૃત્તિઓને અહેવાલ આપીને પ્રશિક્ષણાર્થીઓને ઉત્તમ પરિણામ લાવીને શ્રેષ્ઠ શિક્ષક બનીને સમાજમાં ઉત્તમ શિક્ષક તરીકે પોતાનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

સંસ્થાનાં પ્રશિક્ષણાર્થીઓ દ્વારા માનદ શિક્ષક છોટુભાઈના માર્ગદર્શન હેઠળ વર્ષ દરમ્યાન કરેલી પ્રવૃત્તિના પાંચ વાર્ષિક અંકોનું વિમોચન તથા મૉડેલ અને ચાર્ટ ચિત્રોનાં પ્રદર્શન યોજવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે વાલી સંમેલન સમક્ષ બેટી બચાવો વિષયક નૃત્ય નાટિકા અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

આ નિમિત્તો વાલીઓએ પ્રોત્સાહક ઈનામો આપીને પ્રશિક્ષણાર્થીઓને બિરદાવી હતી. પ્રસંગના સહભોજનદાતા અને વાલી સંમેલનના પ્રતિનિધિ હર્ષદભાઈ નાયક આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુકેશભાઈ વૈદ્ય દ્વારા તથા આભાર દર્શન જાગૃતિબેન મોદીએ કર્યું હતું.

# ચૂંટણી પુષ્પ, ઉમેદવાર ભૃંગ, મત સુગંધ સંસ્કૃત-ગુજરાતી કાવ્ય પઠનનો જલસો



ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી હાલમાં જ સંસ્કૃતનો ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત કરનાર સંસ્કૃત સાહિત્ય-શિક્ષણ ક્ષેત્રે અનોખું યોગદાન આપનાર ડૉ. અંબાલાલ પ્રજાપતિ આ વખતે ગાંધીનગર સાહિત્ય સભાના આંગણે 'સંસ્કૃત સાહિત્યના સંદર્ભે ગુજરાતી કવિતા' વિષે એમનું જ્ઞાન પિરસવા આવ્યા હતા. ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિએ એમનો પરિચય કરાવ્યો અને એમની સિદ્ધિઓ બિરદાવી અને ઉપપ્રમુખ નટવર હેડાઉ, મંત્રી સંજય થોરાત, રમણલાલ શ્રીમાળી અને હરેશ ભટ્ટ સાથે મળી એમનું શાલ ઓઢાડીને સ્વાગત કર્યું હતું.

ડૉ. અંબાલાલે ગુજરાતીમાં સ્વર્ણિમ ગીતાંજલિ અને સંસ્કૃતમાં આત્માનુસંધાનમ અને સંસ્કૃત ગીતાંજલિ જેવાં પુસ્તકો આપ્યાં છે. હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના વડા એવા એમના હાઈકુ ખૂબ વખણાયાં.

ભમરો ચૂમે, ફૂલને પતંગિયા, રંગોળી પૂરે... સુવર્ણ મૃગ, રામને હરી ગયું, રાવણ સીતાને... કાગડો બેઠો આંબા ડાળે, પોપટ પાંજરે બંધ... બાળક નાગાં, ભીંતે વાંચે, ભારત મેરા મહાન... રાવણ હશે લોકતંત્રે, જટાયુ જો તરફડે... સાથે એમણે સંસ્કૃત શાસ્ત્રનો પરિચય, આધુનિક કાવ્યશાસ્ત્રી અને ગુજરાતી-સંસ્કૃત કાવ્યનો વિનિયોગ વિશે વાત કરી.

ગાંધીનગર શહેર વિશેની ગૌરવવંતી સંસ્કૃત રચનાને સૌએ તાળીઓથી વધાવી લીધી. સાહિત્ય સભાના સભ્ય ડૉ. જય ગજ્જરના અવસાન નિમિત્તે શોકાંજલિ અર્પી સૌએ મૌન પાળ્યું હતું. ગુજરાતી સંસ્કૃત કાવ્ય પઠનના કાર્યક્રમની આભાર વિધિ મંત્રી સંજય થોરાત દ્વારા કરવામાં આવી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કિ એન્ડ કા
૩.૩૦, ૧૦.૦૦
લવ ગેમ્સ
૧૨.૩૦, ૭.૦૦

**સ્ક્રીન-૩**
જંગલ બૂક (૩ડી, હિન્દી)
૧.૧૫, ૩.૩૦, ૮.૦૦
જંગલ બૂક (૩ડી, અંગ્રેજી)
૧૧.૦૦, ૫.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
ક્લબ ડાન્સર
૧.૦૦
સરદાર ગબ્બરસિંહ
૪.૦૦
કપૂર એન્ડ સન્સ
૭.૦૦
રોકી હેન્ડસમ
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
કિ એન્ડ કા
૧૨.૪૫, ૬.૪૫
લવ ગેમ્સ
૧૦.૦૦, ૩.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૬**
લવ ગેમ્સ
૧૨.૩૦
કપૂર એન્ડ સન્સ
૧૦.૦૦
કિ એન્ડ કા
૬.૪૫

# 'આર્ષ' પ્રવચનમાળા અંતર્ગત હૃદયરોગ વિશે પ્રવચન યોજાયું





ગાંધીનગર, તા. ૧૧

આર્ષ શોધ સંસ્થાન ગાંધીનગર દ્વારા પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી છેલ્લા ૧૯ વર્ષથી ગંગાના પ્રવાહની જેમ વહેતી આર્ષ પ્રવચનમાળામાં ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને સંસ્થાના તેમજ અન્ય વિદ્વાનો દ્વારા વ્યક્તિવિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર પર ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં સામાજિક સમસ્યાના ભાગરૂપ 'આર્ષ' અક્ષરધામ દ્વારા 'હૃદયરોગનાં ભયસ્થાનો અને નિવારણના ઉપાયો' વિષયે ૭૫મા અમૃત પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એપોલો હોસ્પિટલના સર્જન ડૉ. પરાગભાઈ શેઠ મુખ્ય વક્તા તરીકે રહ્યા હતા. સાથે સાથે ૭૫મી વિશેષ પ્રવચમાળા હોવાથી બીએપીએસ સંસ્થાના આંતરરાષ્ટ્રીય સંયોજક સદ્ગુરુ ઈશ્વરચરણદાસ સ્વામી તેમજ અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહા ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. પરાગ શેઠે હૃદય રોગના નિવારણના ઉપાયો વિષયક પ્રેઝનટેશન સાથે માર્ગદર્શન પુરું પાડ્યું હતું. પ્રવચનમાં મોટી સંખ્યામાં શ્રોતાઓએ ભાગ લીધો હતો. ડૉ. પરાગ શેઠે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, હૃદય રોગ એ રોગ નથી પરંતુ એક પરિસ્થિતિ છે. તેનો સામનો કઈ રીતે કરવો, કેવી કાળજી રાખવી જોઈએ. આપણા દેશમાં ૨૦૦૪માં ૩ કરોડ ૨૦ લાખ હૃદયરોગના દર્દીઓ હતા. જે વધીને ૨૦૧૨માં ૫ કરોડ ૮ લાખ થઈ ગયા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના સર્વે મુજબ આવનારા ૨૦૩૦ સુધીમાં ભારતમાં હૃદયને લગતી બીમારીના દર્દીઓનો આંકડો ૮ કરોડે પહોંચી શકે છે. આખા દેશમાં જો ૮ કરોડ દર્દીઓ હશે તો શું એટલા પ્રમાણમાં દર્દીને સારવાર આપી શકે તેટલી હોસ્પિટલો અને ડોકટરો ઉપલબ્ધ હશે? આ ખૂબ જ ગંભીર વિષય છે અને તેની તકેદારી અત્યારથી જ સૌએ રાખવી જોઈએ. દરેક સ્ત્રી-પુરુષોએ પોતાની હાઈટ, બોડી ફીટનેશ અને વજન યોગ્ય માત્રામાં જાળવી રાખવું જોઈએ. આરોગ્યના માપદંડ સિવાય જો કોઈનું વજન ડબલ કે દોઢું હોય તો તેઓએ હૃદય અંગે ચોક્કસ કાળજી લેવી જ જોઈએ. એનો મતલબ એવો નથી કે ખાવા-પીવામાં અનબેલેન્સ કરીને શરીરમાં ચરબીનું પ્રમાણ ઉતારી દેવું! પણ જે ખોરાક લઈ એ તે ઓછી ચરબીવાળો પ્રમાણસર લેવો જોઈએ.

## શેઠ સી એમ હાઈસ્કૂલનું ગૌરવ



ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાતી રાષ્ટ્રીય પ્રતિભા શોધ કસોટીમાં ગુજરાત રાજ્યના ૧૭૯ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે, જે પૈકી શહેરમાં પાંચ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.

શેઠ સી એમ હાઈસ્કૂલના વિદ્યાર્થી ભાવેશ એમ પટેલે આ પરીક્ષામાં ૧૫૦ ગુણમાંથી ૧૧૪ ગુણ મેળવી શાળા તથા ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

શાળાના આચાર્ય બી કે પટેલ, સુપરવાઈઝર પ્રહલાદભાઈ એસ પટેલ તથા શાળા પરિવાર તરફથી વિદ્યાર્થીને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# મુળજીભાઈ ખુમાણને ડૉ. બાબાસાહેબ ઍવોર્ડ



ગાંધીનગર, તા. ૧૧

સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ તરફથી પ્રતિવર્ષ સામાજિક ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર મહાનુભાવોને તેમના સામાજિક સાહિત્યિક અને પત્રકારત્વના ક્ષેત્રના પ્રદાન માટે ઍવોર્ડ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૫-૧૬ માટેના રાજ્ય સરકારના ડૉ. બાબાસાહેબ આંબેડકર ઍવોર્ડ માટે પીઢ પત્રકાર મુળજીભાઈ વી ખુમાણની પસંદગી કરવામાં આવી છે. જેમાં શાલ ઓઢાડી પ્રશસ્તિપત્ર અને એક લાખનો ચેક મુખ્યમંત્રીના હસ્તે અર્પણ કરવામાં આવશે. તા. ૧૨ એપ્રિલના રોજ ટાગોર હૉલ, અમદાવાદ ખાતે સવારે ૧૦ વાગ્યે આયોજિત ઍવોર્ડ સમારોહ અંતર્ગત આ ઍવોર્ડ એનાયત કરવામાં આવશે. આ સમારોહના અધ્યક્ષસ્થાને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી રમણલાલ વોરા, અતિથિ વિશેષ પદે સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી, અમદાવાદ મહાનગરપાલિકાના મેયર ગૌતમભાઈ શાહ, નાયબ અધ્યક્ષ આત્મારામભાઈ પરમાર, સંસદીય સચિવ જેઠાભાઈ સોલંકી અને ગૃહનિર્માણ મંત્રી શંકરભાઈ ચૌધરી અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે. મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વતની અને મુંબઈમાં જન્મી હાલ અમદાવાદને કર્મક્ષેત્ર બનાવનાર મૂળજીભાઈ ખુમાણ વર્ષોથી અખબારી પત્રકાર, બિનપત્રકાર કર્મચારીઓના પ્રશ્નોમાં સક્રિય ભૂમિકા ભજવી છે.

ગુજરાતી સાહિત્ય, ગુજરાતી દલિત સાહિત્ય અને ગુજરાતી આંબેડકરી સાહિત્યમાં ડૉ. આંબેડકરના જીવનચરિત્રની ખોટ હતી ત્યારે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ચરિત્ર લેખક પદ્મભૂષણ ડૉ. ધનંજય કીરે લખેલા ડૉ. આંબેડકરના જીવન ચરિત્રની અને વિશાળ ચરિત્રની ગુજરાતને ભેટ આપવાનું તેમજ બાબાસાહેબનું અને મરાઠી દલિત સાહિત્યને ગુજરાતીમાં આપવાના પ્રદાન માટે તેમજ દલિત પત્રકારત્વને નવી રાહ ચીંધતા 'દિશા' પાક્ષિકના ૩૦ વર્ષ સુધીના પ્રકાશનને ધ્યાનમાં લઈ આ ઍવોર્ડ આપવામાં આવ્યો છે.

# ખુદા સવાલ કરેગા અગર કયામત મેં, તો હમ ભી કહ દેંગે હમ લૂટ ગયે શરાફત મેં

ફિલ્મ : અલ હિલાલ

વર્ષ : ૧૯૫૯

નિર્માતા : અક્કુ પ્રૉડક્શન્સ, બમ્બઈ - રામકુમાર

નિર્દેશક : અક્કુ

સંગીતકાર : અક્કુ

ગીતકાર : શેવન રીઝવી

મુખ્ય કલાકાર : શકીલા-મહિપાલ

સહાયક કલાકાર : હીરાલાલ - સુલોચના (રૂબી મેયર્સ)

ગાયક કલાકાર : શમશાદ બેગમ, સુમન કલ્યાણપુર, મન્ના ડે, ઈસ્માઈલ આઝાદ કવ્વાલ ઍન્ડ પાર્ટી

આ ગીતના ગાયક કલાકાર : ઈસ્માઈલ આઝાદ કવ્વાલ ઍન્ડ પાર્ટી

હમેં તો લૂટ લિયા મિલ કે હુસ્નવાલોંને કાલે કાલે બાલોંને, ગોરે ગોરે ગાલોંને...
નઝર મેં શોખીયાં ઔર બચપન શરારત મેં, અદાએં દેખ કે હમ ફંસ ગયે મુહબ્બત મેં,
હમ અપની જાન પે જાયેંગે જિનકી ઉલ્ફત મેં, યકીન હૈ કિ ન આયેંગે વો હી મૈયત મેં
ખુદા સવાલ કરેગા અગર કયામત મેં, તો હમ ભી કહ દેંગે હમ લૂટ ગયે શરાફત મેં
હમેં તો લૂટ લિયા...
વહીં-વહીં પે કયામત હો, વો જીધર જાયેં ઝુકી-ઝુકી નજરોં સે, કામ કર જાયે, તડપતા છોડ દે રસ્તે મેં ઔર ગુઝર જાયેં
સિત તો યે હૈ કિ દિલ લે લેં ઔર મુકર જાયે, સમજ મેં કુછ નહિ આતા કિ હમ કિધર જાયેં
યહી ઈરાદા હૈ કિ યહ કહ કે હમ તો મર જાયેં, હમેં તો લૂટ લિયા...
વફા કે નામ પર મારા હૈ બેવફાઓંને કે દમ ભી હમકો ન લેને દિયા જફાઓને, ખુદા ભુલા દિયા ઈન હુસ્ન કે ખુદાઓને
લૂટા કે છોડ દિયા ઈશ્ક કી ખતાઓને ઉડાયા ભી કભી ઝુલ્ફ કી હવાઓને આયા ન નાઝને લૂટા સભી અદાઓને
હમેં તો લૂટ લિયા...
હઝારોં લૂટ ગયે નઝરોં કે ઈક ઈશારે પર, હઝારોં બહ ગયે તુફાન બન કે ધારોં પર
ન ઈનકે વાદોં કા કુછ ઠિકાના હૈ, ન બાતોં કા ફસાના હોતા હૈ
ઈનકા હજાર રાતોં કા, બહુત હસીન હૈ વૈસે તો ભોલાપન ઈનકા ભરા હુઆ હૈ મગર ઝહર સે બદન ઈનકા, યે જીસકો કાયલે પાની વો પી નહીં સકતા
દવા તો ક્યા હૈ દુઆ સે ભી જી નહીં સકતા, ઈન્હી કે મારે હુએ હમ ભી હૈ, ઝમાને મેં હૈ ચાર લબ્ઝ મુહબ્બત કે ઈસ ફસાને મેં
હમેં તો લૂટ લિયા...
ઝમાના ઈનકો સમજતા હૈ, નેક ઔર માસૂમ, મગર યે કહેતે હૈં ક્યા હૈ કિસા કો ક્યા માલૂમ
ઈન્હેં ના તીર ના તલવાર કી ઝરૂરત હૈ, શિકાર કરને કો કાફી નિગાહેં ઉલ્ફત હૈ
હસીન ચાલ સે દિલ પાયમાલ કરતે હૈં, નઝર સે કરતે હૈં બાતે કમાલ કરતે હૈં
હરેક બાત મેં મતલબ હઝાર હોતે હૈં, યે સીધે સાદે બડે હોશિયાર હોતે હૈં
ખુદા બચાયે હસીનોં કી તેઝ ચાલોં સે, પડે કિસીકા ભી ના પાલા હુસ્નવાલોં સે...
હમેં તો લૂટ લિયા...
હુસ્નવાલોં મેં મુહબ્બત કી કમી હોતી હૈ, ચાહનેવાલોં કી તકદીર બૂરી હોતી હૈ.
ઈનકી બાતોં મેં બનાવટ હી બનાવટ દેખી, શર્મ આંખોં મેં નિગાહોં મેં લગાવટ દેખી...
આગ મુહબ્બત કી પહેલે તો લગા દેતે હૈં
અપને રૂખસાર કા દિવાના બના દેતે હૈં, દોસ્તી કરકે ફિર અંજાન નઝર આતે હૈં
સચ તો યે હૈ કિ બેઈમાન નઝર આતે હૈં, મૌતેં કમ નહિ દુનિયા મેં મુહબ્બત ઈન કી જિંદગી હોતી હૈ
બરબાદ બદૌલત ઈનકી, દિન બહારોં કે ગુઝરતે હૈ મગર મરમર કે લૂટ ગયે હમ તો હસીનોં પે ભરોસા કરકે, હમેં તો લૂટ લિયા...




**ગીત-સંગીતની દુનિયા**
ભાર્ગવ હરનારાયણ ભટ્ટ

હિન્દી ફિલ્મોમાં ખૂબ જ ઓછી કવ્વાલીઓ બતાવવામાં આવી છે તેમાં પણ ફિલ્મ 'અલ હિલાલ' અને 'બરસાત કી રાત'ની કવ્વાલીઓ મને અતિ પ્રિય છે. ફિલ્મ 'અલ હિલાલ'ની કવ્વાલી ઈસ્માઈલ આઝાદ અને અન્ય કલાકારોએ ગાઈ છે. આ બંને ફિલ્મોની કવ્વાલીમાં મૂળભૂત તફાવત એ છે કે શૈવન રીઝવીની કલમે લખાયેલી અને બુલો સી રાનીના સંગીત નિર્દેશનમાં તૈયાર થયેલ આ કવ્વાલીમાં કોઈપણ કડીનું પુનરાવર્તન નથી થતું. ઉર્દૂ ભાષાના શબ્દોનો ઉપયોગ અહીં પ્રચૂર માત્રામાં થયો છે. આ ફિલ્મ ૧૯૫૯ના વર્ષમાં પ્રદર્શિત થયેલી. અંગ્રેજી ભાષામાં આના માટે સુંદર શબ્દનો પ્રયોગ થયો છે : માઈલ સ્ટોન.

ત્યારબાદ બીજા વર્ષે 'બરસાત કી રાત' ફિલ્મ રજૂ થઈ. શક્ય છે કે 'હમેં તો લૂટ લિયા' રજૂ થઈ હોય. ત્યારબાદ આ કવ્વાલીની લોકપ્રિયતા પારખીને ફિલ્મ ''બરસાત કી રાત''ની કવ્વાલી ફિલ્મમાં રાખવામાં આવી હોય. ફિલ્મ 'બરસાત કી રાત'માં કવ્વાલીઓ રાખવામાં આવી હતી. બંને કવ્વાલીઓ સાહિર લુધિયાનવીની કલમે લખાયેલી અને સંગીતકાર રોશને ધૂન બનાવેલી. આ બંને કવ્વાલીઓ અતિ કર્ણપ્રિય છે. એક કવ્વાલીમાં શંકર શંભુ કવ્વાલ, સુધા મલ્હોત્રા, આશા ભોંસલે અને સાથીઓ છે. જ્યારે બીજી કવ્વાલી મન્નાડે, મોહમ્મદ રફી, સુધા મલ્હોત્રા, એસ ડી બાતિશ અને સાથીઓએ ગાઈ છે.

# સ્વામિનારાયણ સંપ્રદાય અંગેના પુસ્તકનું રાજ્યપાલના હસ્તે વિમોચન



ગાંધીનગર, તા. ૧૧

રાજ્યપાલ ઓ પી કોહલીએ સ્વામિનારાયણ સંપ્રદાય અંગેના પુસ્તક "સ્વામિનારાયણ હિન્દુઈઝમ : ટ્રેડિશન, એડેપ્શન એન્ડ આઈડેન્ટિટી"નું વિમોચન ગઈકાલે સાંજે અમદાવાદ ખાતે કર્યું હતું.

તેમણે આ પ્રસંગે જણાવ્યું કે, જે પુસ્તક સંસ્કૃતિનું સર્જન કરે તેવા પુસ્તકની આજે તાતી જરૂરિયાત છે. આવા પુસ્તકના વિમોચનને અક્ષર ઉત્સવ તરીકે ઉજવવું જોઈએ. શિક્ષણ દ્વારા આધ્યાત્મની ઉર્ધ્વતા તરફ કેવી રીતે જવુ તેનું દિશા દર્શન આ પુસ્તક કરે છે. સર્વધર્મ, સમભાવ, સદભાવ અને સંવાદિતા શીખવાડવાનું સત્વ આવા પુસ્તકોમાં સાંપડે છે. વાણી, વર્તન અને વિચારનું ઐક્ય કેવી રીતે સાધી શકાય તેનું માર્ગદર્શન આવા આધ્યાત્મિક પુસ્તકો દ્વારા થતું હોય છે. જ્ઞાનને એક પેઢીથી બીજી પેઢી સુધી સંવર્ધિતતા સાથે લઈ જવાનું કાર્ય સ્વામિનારાયણ સંપ્રદાય બખૂબી રીતે કરી રહ્યો છે તેની રાજ્યપાલે સરાહના કરી હતી.

હિંદુ ધર્મના સંપ્રદાય વિશે વિદેશી લેખક પ્રો. રેમન્ડ બ્રેડી વિલિયમ્સ અને યુવા પ્રો. યોગી ત્રિવેદી દ્વારા પુસ્તકનું સંપાદન કરાયુ છે જેને ઓક્સફોર્ડ યુનિ. પ્રેસ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે, તે આનંદની વાત છે તેમ તેમણે ઉમેર્યું હતું.

૫૦૦ પૃષ્ઠના આ પુસ્તકમાં શૈક્ષણિક પ્રવાહોનું પ્રતિનિધિત્વ કરતાં વિવિધ લેખકોના શોધપત્રોનો સંચય થયો છે.